Extra No. 46

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] MONDAY, FEBRUARY 17, 2020 / MAGHA 28, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**ના **તારીખઃ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૦**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીજી-૦૩/૨૦૨૦/એસબી.૫/પીઆરસી/૧૦૨૦૧૫/૦૭-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**

સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Gujarat Control of Terrorism and Organised Crime Rules, 2020.**

**ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ નિયમો, ૨૦૨૦ સંબંધી**

**જાહેરનામું.**

**ગૃહ વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૦.

**ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ નિયમો, ૨૦૨૦.**

**ક્રમાંક: જીજી-૦૩/૨૦૨૦/એસબી.૫/પીઆરસી/૧૦૨૦૧૫/૦૭:-** ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ (સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા)ની કલમ ૨૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા.-** આ નિયમો ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ નિયમો, ૨૦૨૦ કહેવાશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો "અધિનિયમ" એટલે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ (સન ૨૦૧૯નો ગુજરાતનો ૨૪મો).

૩. **અધિનિયમની કલમ ૧૬ હેઠળ કબૂલાત નોંધવા માટેની કાર્યરીતિ.-** (૧) અધિનિયમની કલમ ૧૬ હેઠળ કબૂલાત નોંધનાર પોલીસ અધિકારીએ, આ નિયમના પેટા-નિયમો (૨) થી (૭)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તે (કબૂલાત) નોંધવી જોઇશે.

(૨) જેની કબૂલાત નોંધવાની હોય તે વ્યક્તિને તેવા પોલીસ અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવે, ત્યારે જેના સંબંધમાં કબૂલાત નોંધવામાં આવી રહી હોય તેવા ગુનાની તપાસમાં ભાગ લીધો હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીને, તેવી કબૂલાત નોંધવાના સમયે હાજર રહેવા દેવામાં આવશે નહિ.

(૩) કબૂલાત નોંધનાર પોલીસ અધિકારીએ, કબૂલાત કરનાર વ્યક્તિને એમ જણાવવું (સ્પષ્ટ કરવું) જોઇશે કે તે (વ્યક્તિ) તેવી કબૂલાત કરવા બંધાયેલી નથી અને જો તે કબૂલાત કરે, તો તેવી કબૂલાત, તેની સામે પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે.

(૪) એવી રીતે જણાવ્યા (સ્પષ્ટ કર્યા) પછી અને ચેતવણી આપ્યા પછી, આવી વ્યક્તિ પોતાના ઈરાદાને વળગી રહે અને કબૂલાત કરવાનો આગ્રહ રાખે, તો જેમણે કબૂલાત નોંધવાની હોય તેવા સંબંધિત પોલીસ અધિકારીએ, કબૂલાત કરનાર વ્યક્તિને, કબૂલાત કરવાના તેના નિર્ણયની ફેરવિચારણા કરવા માટે, ઓછામાં ઓછો ચોવીસ કલાકનો સમય આપવો જોઇશે.

(૫) પેટા-નિયમ (૪) હેઠળ આપવામાં આવેલો સમય વીતી ગયા પછી, તેવી વ્યક્તિને, તેવા પોલીસ અધિકારી સમક્ષ ફરી લાવવામાં આવે, ત્યારે તેણે (પોલીસ અધિકારીએ), કબૂલાત કરવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિ પાસેથી ફરી એકવાર ખાતરી કરવી જોઇશે કે તે હજુ પણ કબૂલાત કરવા રાજી છે કે કેમ. તેવી વ્યક્તિએ કબૂલાત કરવાની પોતાની ઇચ્છા અંગે ફરી જાણ કર્યેથી, સંબંધિત પોલીસ અધિકારીએ, તેવી વ્યક્તિની કબૂલાત તે જ ભાષામાં અને કબૂલાત કરનારે વર્ણવ્યા પ્રમાણે લેખિતમાં નોંધવી જોઇશે.

(૬) પેટા-નિયમ (૫) હેઠળ નોંધવામાં આવેલી કબૂલાતમાં, તે લેખિતમાં હોય, તો જેણે એવી કબૂલાત કરી હોય તેવી વ્યક્તિએ અને સદરહુ કબૂલાત જેણે નોંધી હોય તે પોલીસ અધિકારીએ સહી કરવી જોઇશે. તેવા પોલીસ અધિકારીએ, કબૂલાતને અંતે, પોતાની સહીથી, નીચેના મતલબની યાદી પણ આપવી જોઇશે:-

''મેં (કબૂલાત કરનારનું નામ) ને જણાવ્યું (સ્પષ્ટ કર્યું) છે કે તે (વ્યક્તિ) કબૂલાત કરવા બંધાયેલી નથી અને જો તે કબૂલાત કરે, તો તે કબૂલાત તેની સામે પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે અને મને એવી ખાતરી છે કે આ કબૂલાત સ્વૈચ્છિક રીતે કરવામાં આવી છે. આ કબૂલાત મારી સમક્ષ કરવામાં આવી છે અને મેં (કબૂલાત) સાંભળી છે અને કબૂલાત કરનારે, જે ભાષામાં કબૂલાત કરી છે તે જ ભાષામાં અને તેણે વર્ણવ્યા પ્રમાણે, મેં તે (કબૂલાત) નોંધેલી છે. મેં, કબૂલાત કરનારને, તે વાંચી સંભળાવી છે અને તેણે, તે (કબૂલાત)

શબ્દશઃ અને સાચી હોવાનો અને તેમાં તેણે કરેલી કબૂલાત/નિવેદનની સંપૂર્ણ અને ખરી વિગતોનો પણ સમાવેશ થતો હોવાનો સ્વીકાર કર્યો છે.''

(૭) કબૂલાત કોઈ યાંત્રિક અથવા ઈલેક્ટ્રોનિક સાધન પર નોંધવામાં આવી હોય, ત્યારે ઉપર પેટા–નિયમ (૬)માં ઉલ્લેખેલું નિવેદન, જ્યાં સુધી તે લાગુ પડતું હોય ત્યાં સુધી, યાંત્રિક અથવા ઈલેક્ટ્રોનિક સાધન પર નોંધવામાં આવેલી કબૂલાત, કબૂલાત કરનારને વાંચી સંભળાવી છે અને તે સાંભળ્યા પછી તેણે તે કબૂલાત સંપૂર્ણ, સાચી અને નોંધવામાં કોઈ ટેકનિકલ ખામી વગરની હોવા અંગે સ્વીકાર કર્યો છે – તે મતલબનો એકરાર, કબૂલાતના અંતે, તેનો, કબૂલાત નોંધતા પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવેલા એકરાર સ્વરૂપે, યાંત્રિક અથવા ઈલેક્ટ્રોનિક સાધન પર નોંધીને, સમાવેશ કરવો જોઇશે.

(૮) કબૂલાત નોંધતા પોલીસ અધિકારીએ, કરવામાં આવેલી કબૂલાતની અથવા પાછી ખેંચી લીધેલી કબૂલાત, કોઈ હોય, તો તેની પ્રમાણિત નકલ, અધિનિયમની કલમ ૧૬ની પેટા–કલમ (૫)માં જોગવાઈ કર્યા પ્રમાણે, ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટને મોકલ્યા પછી અને અધિનિયમની કલમ ૧૬ની પેટા–કલમ (૫)માં જોગવાઈ કર્યા પ્રમાણે, ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ–એ, ગુનાની ન્યાયિક નોંધ લેવા માટે, કબૂલાત વિશેષ કોર્ટને મોકલી છે તે અંગે ખાતરી કર્યા પછી, જે ગુનાના સંબંધમાં અથવા જે ગુનાને લગતી આવી કબૂલાત કરવામાં આવી હોય, તે ગુનાની તપાસ કરી રહ્યા હોય, તે – તપાસ કરનાર અધિકારીને, તપાસના હેતુ માટે, પોતે (પોલીસ અધિકારીએ) નોંધેલી કબૂલાતની નકલ પૂરી પાડવી જોઈશે.

**૪. અધિનિયમની કલમ ૧૮ હેઠળ મિલકત ટાંચમાં લેવા અને સરકાર દાખલ કરવા બાબત.–**

(૧) રાજ્ય સરકારને મિલકતનો અહેવાલ આપવા બાબત – ગુનાની તપાસ કરતા અધિકારીએ, રાજ્ય સરકારની પૂર્વ–મંજૂરી લેતી વખતે, અહેવાલમાં જણાવેલી તેની (મિલકતની) વિગતોના સંદર્ભમાં, એવી મિલકતની યોગ્ય ઓળખ સુનિશ્ચિત કરવી જોઇશે. તપાસ કરતા અધિકારીએ હુકમના મુસદ્દા (ડ્રાફ્ટ ઓર્ડર)ની નકલની અને માહિતીની એક સૂચિ તૈયાર કરવી જોઇશે અને આવી સૂચિ, હુકમ અને માહિતીના દરેક પાના પર સહી કરવી જોઇશે અને આવી સૂચિ, હુકમ અને માહિતી મોકલતી વખતે, અધિક પોલીસ મહાનિયામક (સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલવે), ગુજરાત મારફત, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર–ને સીલબંધ પરબીડિયામાં પત્ર પણ લખવો જોઇશે. (ગુનાની તપાસ કરતા) અધિકારીના રાજ્ય સરકારની પૂર્વ–મંજૂરી માંગતા અહેવાલમાં, જે મિલકતને ટાંચમાં લેવા અને સરકાર–દાખલ કરવા ધાર્યું હોય તે મિલકત કોઇ આતંકવાદી કૃત્ય અથવા સંગઠિત ગુનાની આવકને પરિણામે ઊભી થઈ છે–તેમ માનવાના કારણો પણ જણાવેલા હોવા જોઇશે.

(૨) જપ્ત કરેલ મિલકતની વ્યવસ્થા કરવા બાબત.–

(૧) જપ્ત કરવામાં આવેલી મિલકત એ પ્રકારની હોય કે તેને જપ્તીના સ્થળેથી દૂર કરવી અવ્યવહારુ હોય અથવા તેને દૂર કરવા માટેનો ખર્ચ મિલકતની કિંમતના પ્રમાણમાં વધી જતો હોય, ત્યારે, આવો હુકમ કરતા અધિકારીએ, ટાંચમાં લેવામાં આવેલા સ્થળ ખાતે મિલકતની યોગ્ય જાળવણી અને કસ્ટડી માટેની ગોઠવણ કરવી જોઇશે.

(૨) જપ્ત કરવામાં આવેલી મિલકતમાં, રોકડ રકમ, સરકારી અથવા અન્ય જામીનગીરી, સોનાચાંદી, ઝવેરાત અથવા અન્ય કીમતી ચીજોનો સમાવેશ થતો હોય, તો આવો હુકમ કરતા અધિકારીએ, નજીકની સરકારી તિજોરીમાં અથવા ભારતીય રિઝર્વ બેંક (રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા) અથવા ભારતીય સ્ટેટ બેંક (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા)ની શાખામાં અથવા તેની સહાયક બેંક અથવા કોઇ અધિકૃત બેંકમાં, સલામત કસ્ટડી માટે, તે (મિલકત) જમા કરાવડાવવી જોઇશે.

(૩) મિલકત ટાંચમાં લેવા અને સરકાર–દાખલ કરવાનો હુકમ કરતા અધિકારીએ, જપ્ત કરવામાં આવેલી મિલકતનો રેકર્ડ રાખવો જોઇશે અને તે વિશેષ કોર્ટ સમક્ષ રજૂ પણ કરવો જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**વિજય બધેકા,**

સરકારના ઉપસચિવ.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર